# <u>જાહેરનામું</u>

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૫૦૮ /૨૦૧૬**

**તા.૨૩/૧૨/૨૦૧૬**

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરના કાગડાપીઠ તથા મણિનગર પોલીસ સ્ટેશન વિસ્તાર ખાતેના કાંકરિયા તળાવ ખાતે કાંકરિયા કાર્નિવલ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. તા.૨૫/૧૨/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ સુધી ઉત્સવ દરમ્યાન ટ્રાફિક પ્રવાહને અડચણ ન થાય અને ટ્રાફિક વ્યવહારની જાળવણીના હેતુસર નીચે જણાવેલ વિસ્તારને **" નો પાર્કીંગ ઝોન "** તથા **" નો સ્ટોપ "** તથા **" નો યુ ટર્ન "** જાહેર કરવા હુકમ કરૂ છું.

## હુકમ :-

(૧) કાંકરીયા ચોકી ત્રણ રસ્તા થઇ રેલ્વે યાર્ડ થઇ ખોખરા બ્રીજ, દેડકી ગાર્ડન,સિદ્ધિ વિનાયકા હોસ્પીટલ ચાર રસ્તા,મચ્છી પીર ચાર રસ્તા થઇ પુષ્પકુંજ સર્કલ થઇ અપ્સરા સિનેમા ચાર રસ્તા થઇ ફુટબોલ ચાર રસ્તા થઇ લોહાણા મહાજનવાડી થઇ પરત કાંકરીયા ચોકી સુધીના સર્કલ ઉપર તેમજ સમગ્ર કાંકરીયા તળાવ ફરતે ઉપર ટુ વ્હીલરથી ઉપરના કોઇ પણ પ્રકારના વાહનો સ્ટોપ થઇ શકશે નહી. વળી તમામ વાહનો નિર્ધારીત પાર્કીંગ જગ્યા સિવાય બીજી કોઇ પણ જગ્યાએ પાર્ક થઇ શકશે નહી.

(૨) સમગ્ર કાંકરીયા તળાવ ફરતે સર્કલ રોડ ટુ લેનમાં હોવા છતા કોઇ પણ જગ્યાથી યુ ટર્ન લઇ શકાશે નહી. આ સમગ્ર વિસ્તારને **"નો યુ ટર્ન"** ઝોન તરીકે જાહેર કરવામાં આવે છે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ , એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૨૫/૧૨/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ સુધી ઉત્સવ પુર્ણ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૩/૧૨/૨૦૧૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૩/૧૨/૨૦૧૬
અમદાવાદ.

City Commissioner of Police * Ahmedabad *

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**<u>નકલ સવિનય રવાના :</u>**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.

Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઈકોર્ટ, (૫ નકલ)
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર. (૫ નકલ)
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર (૫ નકલ)
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર. (૫ નકલ)
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

<u>નકલ રવાના :-</u>

(૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઈન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઈલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.

Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)